# ૬, ઓગષ્ટ–૨૦૧૫ (ગુરૂવાર)

## (૧) વર્લ્ડ ઓર્ગન ડોનેશન ડે.

## (૨) પ્રથમ અણુબોંબ પ્રયોગને આજે ૭૦ વર્ષ થયાં :–

- વર્ષ–૧૯૪૫માં આજના દિવસે બિજા વિશ્વ યુદ્ધ દરમિયાન અમેરિકાએ જાપાનના હિરોશીમા શહેર પર અણુબોંબ ફેંક્યો હતો.
- આ અણુબોંબનું નામ 'લીટલ બોય' હતું
- આ અણુબોંબથી ૭૦,૦૦૦ લોકોના મૃત્યુ થયા હતાં જેને આજે ૭૦ વર્ષ પૂરા થયા.

## (૩) MAST ભારતનું સૌથી મોટુ ટેલિસ્કોપ :–

- MAST : મલ્ટિ એપ્લિકેશન સોલાર ટેલિસ્કોપ
- ઇસરોની અમદાવાદ સ્થિત પેટા સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) એ ભારતનું સૌથી મોટું સોલાર ટેલિસ્કોપ તૈયાર કર્યું.
- આ ટેલિસ્કોપને ઉદયપુર ખાતે ખુલ્લુ મુકાયું છે.
- ઉદયપુરમાં આવેલ ફતેહસાગર તળાવની વચોવચ આ ટેલિસ્કોપ બાંધવામાં આવ્યું છે.
- PRL ના ચેરમેન અને ભારતના જાણીતા વિજ્ઞાની પ્રો. યુ.આર. રાવે. તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- MAST ભારતનું સૌથી મોટું સોલાર ટેલિસ્કોપ છે.
- તેનો ઉદ્દેશ સૂર્યની સપાટી પર પ્રગટ થતાં તોફાનોનો અભ્યાસ કરવાનું છે.
- આ મટે ટેલિસ્કોપમાં ૧.૫ મીટરની વ્યાસનો અરીસો ફીટ કરેલો છે.
- ટેલિસ્કોપ સુર્યની થ્રીડી ઇમેજીસ લેશે.
- ૨૦૦૪માં ડિઝાઇન થયેલું ટેલિસ્કોપ ૨૦૦૮થી એસેમ્બલ થવાનું શરૂ થયું હતું. અને ૨૦૧૩ પછી ઉદયપુર ખાતે તેનું ફિટીંગ કરાયું હતું.
- ટેલિસ્કોપ માટે સરકાર દ્વારા ૨૬ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.
- ઉદયપુરની વેધશાળા સાથે વર્ષોથી સંકળાયેલા પ્રો. પી. વેંકટેશક્રિષ્નને આ ટેલિસ્કોપની બ્લ્યુ પ્રીન્ટ તૈયાર કરી સમગ્ર પ્રોજેક્ટ પાર પાડ્યો હતો.
- ઉદયપુર સ્થિત વેધશાળા 'ગ્લોબલ ઓસ્સિલેશન નેટવર્ક ગ્રુપની વૈશ્વિક ૬ સાઇટ પૈકીની એક સાઇટ છે.
- આવા તમામ ૬ સ્થળોએ સૂર્યની હિલચાલનો અભ્યાસ થાય છે.

## (૪) ઇલેક્ટ્રીક ટ્રાફિક સિગ્નલને ૧૦૧ વર્ષ થયાં :–

- ૫ ઓગષ્ટ, ૧૯૧૪ના રોજ અમેરિકામાં ઇલેક્ટ્રીક ટ્રાફિક સિગ્નલની શરૂઆત કરી હતી.
- વર્ષ ૧૮૬૮માં ટ્રાફિક સિગ્નલની શોધ લંડનના જ્હોન પીક નાઇટે કરી હતી.
- એ જમાનામાં ઇલેક્ટ્રીસિટી ન હોવાથી ગેસની લાલ ટેનમાંથી લાકડાના છેડે અગ્નિ પ્રગટાવીને તેને લાલ ઝાય અને લીલી ઝાડ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.
- ૯ ડિસેમ્બર ૧૮૬૮માં આ ટ્રાફિક લાઇનને પહેલીવાર લંડન હાઉસ ઓફ કોમન્સની નજીક ગોઠવવામાં આવી હતી.
- પ્રથમ ઇલેક્ટ્રીક ટ્રાફિક સિગ્નલ ૧૯૧૪માં આવ્યુ ત્યારે તેમા માત્ર બે જ લાઇટ હતી જેમાં લાલ એટલે રોકાવું અને લીલી એટલે જવું.
- ૧૯૪૦માં પીળી લાઇટનો સમાવેશ કરાયો જેનો અર્થ રાહ જૂઓ એવો થાય છે

## (૫) મહંમદ નાવેદ :–

- તાજેતરમાં જમ્મુ–શ્રીનગર હાઇવે પર BSF ના કાફલા પર હુમલો કરનાર આંતકવાદી મહંમદ નાવેદ ઉર્ફે કાસિમ જીવતો પકડાયો.